

# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧




વિદેશોમાં પણ એ ભાડૂતી ભીડ ઊભી કરે છે,
ને સ્થાનિક-દેશની પ્રજામાં ચીડ ઊભી કરે છે,
પીડ ઊભી કરે છે, ઇર્ષાની ત્યાંના નાગરિકોમાં -
હાલ થશે ‘અમેરિકા’ જેવા ખોટી ખાઇ ઊભી કરે છે
(અમેરિકામાં ગુજરાતીઓની હત્યા)
(કાશ્મીરના લાલચોકમાં પ્રજા ‘નવાઝ-નવાઝ’ની બૂમો પાડે તો ?!)

બાંધશે હવે -
લાખોની ફૂટપાથ!!
(જયાં) કેડી ય નથી!!
(જાહેરાતો નાં ઢોલ)

નિકળ્યો આ યે
‘આનંદી’ સ્વભાવનાં -
સ્વર્ણિમ સ્વપ્નાં..
(રોજની નવી ‘સિટી’)




## ચિંતન

**અપિ મેરુપમાં પ્રાજ્ઞમપિ શૂરમપિ સ્થિરમ્ । તૃણી કરોતિ તૃષ્ણૈ કા નિમેષણ નરોત્તમમ્ ॥**

સુભાષિત રત્ન ભંડાગારના બીજા પ્રકરણમાં ‘તૃષ્ણાની નિંદા’ નામના પ્રકરણમાંથી આ શ્લોક છે :

‘મેરુ જેવા અડગ અને જ્ઞાની, શૂરવીર, ઉત્તમ અને ધીરગંભીર, બુદ્ધિમાન સ્થિર વિચારવંત માણસને પણ તૃષ્ણા-લોભ-લાલચ-પતન કરાવી - તદ્દન તણખલાં જેવો બનાવી નાખે છે.’

સાધુ-સંતો જ્ઞાની જ હોય છે સત્સંગ સભા કરે વિદ્વતા ભર્યા વ્યાખ્યાન આપી કેટલાયની ‘શ્રદ્ધા’ને મજબૂત કરે છે. એવા સમજુ-જ્ઞાની સંતો પણ એકાદ ‘નબળી’ ક્ષણમાં - ઇચ્છા ‘તૃષ્ણા’-વાંચના-વાસના જાગે અને ‘પતન’ થઇ જાય છે.

આશારામ બાપુ શું ઓછા જ્ઞાની હતા.

આયુર્વેદ-દવાઓ-ટૂચકા-કામણટૂમણ - તંત્ર જ્ઞાન બધાંમાં નિષ્ણાંત હતા. લાખોની મેદનીને શિબિરોમાં જકડી રાખતા હતા.

આમ છતાં કોઇ નબળી ક્ષણે એનું પતન થયું. અને લોકોના હૃદય મહેલમાં બિરાજતા સંત આજે જેલમાં છે.

## સુવિચાર

- ક્યારેક આપણે વૈચારિક હવાબારી ખોલવાની જરુર હોય છે, જેથી પોતાના વિચારોથી ગુંગળામણ ના થાય - **એસ. ભટ્ટાચાર્ય**
- બે વાતથી જીવનમાં સફળ થઇ શકાય છે ૧. જયારે કશું જ નથી ત્યારે તમારું મેનેજમેન્ટ, ૨. જયારે બધું જ છે ત્યારે તમારું વર્તન - **મુનિ જિનચંદ્રજી**
- દુનિયામાં બનતી બધી જ ઘટનાઓ યાદ રાખવા જેવી કોઇ મુર્ખામી નથી. ભૂલી જવું એ પણ એક કળા છે - **સંત ફ્રાન્સીસ**
- બીજનાં ચંદ્રનો જ વિકાસ થાય છે પૂનમના ચંદ્રનો નહી આ વાત ભૂલતા નહીં - **મોરારિ બાપુ**
- વાવાઝોડાં સામે ઝુકી જવામાં હંમેશા ફાયદો જ થાય છે, કારણ કે વાવાઝોડું ગયા પછી પુનઃ ટટ્ટાર થઇ શકાય છે ટટ્ટાર જ રહીએ તો પુનઃઉભા થવાનો અવકાશ રહેતો નથી - **ફાધર વાલેસ**
- સત્યની સ્પર્ધા હોતી નથી, સત્ય સ્પર્ધામાં હોતું નથી, સત્ય સ્પર્ધક નથી, સત્ય નિતાંત, નિશ્ચલ છે - **જે. કૃષ્ણમૂર્તિ**
- તમારી હાલતની ખબર બે વ્યક્તિને તરત જ પડી જાય છે.. એક માતાને અને બીજી પત્નીને.. પત્નિ એના કારણ શોધે છે અને મા તેનું નિવારણ શોધે છે - **જ્યોતિન્દ્ર દવે**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

કેટલાકોનો સ્વભાવ જ એવો હોય છે કે જાતે હેરાન-પરેશાન-દુઃખી થાય પણ બીજાને પણ દુઃખી કર્યાનો આનંદ મેળવે છે. શેઠ-નોકર, સાસુ-વહુના સંબંધો આવા છે મોટા-ખોટા કામ ઉપાડી કર્મચારી કે વહુને હેરાન કરે અને જાતે પણ સાથે સાથે હેરાન થાય..

મુલ્લાં નસરુદ્દીનનો એક મિત્ર મુસ્તાક હતો. મુસ્તાકની ટેવ એવી કે મળે ત્યારે મિયાંને પીઠમાં જોરદાર ધબ્બો મારે પછી જ વાતની શરુઆત કરે. મિંયાએ તેને વિનંતી કરી, સમજાવી-પટાવી ઘણીવાર કહ્યું - મુસ્તાક મિયાં તમે જે જોરદાર ધબ્બો મારો છો તે મને રાત સુધી ચરચરે છે. પણ મિયાંની આદતમાં કોઇ ફેરફાર થયો નહીં.

મિયાં નસરુદ્દીનમાં આમ ય અક્કલ થોડી ઓછી હતી. એટલે ભીંડીબજારમાંથી એક નાનો બોંબ લઇ આવ્યા અને પોતાની પીઠ પાછળ મુસ્તાક જયાં ધક્કો મારે છે ત્યાં બાંધી દીધો.

અને હસતાં-હસતાં જતા હતા. બીજો મિત્ર અહમદ મળ્યો. પૂછ્યું મિયાં આજે કેમ આટલા ખૂશ દેખાવ છો?!

મિયાં કહે - આજે મુસ્તાકને પાઠ ભણાવવો છે એ જેવા ધબ્બો મારશે કે એનો હાથ છૂટ્ટો થઇ હવામાં જ ઉડી જશે..!! (હું મારું પણ તને..)

Email - sureshchandrabhatt18@gmail.com

# ‘શુદ્રોનો ઈતિહાસ લખનારા ડૉ. બાબાસાહેબ સૌ પ્રથમ છે, ડૉ. બાબાસાહેબ સંસ્કૃત જાણતા નહોતા તોય અંગ્રેજી મારફતે એમણે વેદો, સ્મૃતિઓ, સંહિતાઓનો તલસ્પર્શી અભ્યાસ કરીને શુદ્રોના મૂળ શોધી કાઢ્યાં છે

## દલિત સાહિત્ય વિમર્શ

- સંકલન : નટુભાઇ પરમાર

૨૦૧૫ ‘દલિત સાહિત્ય વિમર્શ મંચ - ગાંધીનગર’ના ઉપક્રમે ડૉ. બાબાસાહેબ આંબેડકરના જન્મદિન - ૧૪મી એપ્રિલ ૨૦૧૪ને વિશિષ્ટ રીતે મનાવવાના ભાગ રૂપે, ડૉ. બાબાસાહેબના જ સાત ગ્રંથો પરના સાત દિવસીય વક્તવ્યોનો એક સુંદર કાર્યક્રમ યોજાયો હતો, જેને નગરજનો, ડૉ. બાબાસાહેબ આંબેડકર પ્રેમીઓ, સાહિત્યરસિકોએ ખૂબ સારો પ્રતિસાદ આપ્યો હતો.

તારીખ ૮ એપ્રિલથી ૧૪ એપ્રિલ ૨૦૧૫ દરમિયાન યોજાયેલા આ કાર્યક્રમમાં (૧) ‘અછૂતો કોણ અને કેવી રીતે ?’ ગ્રંથ વિશે શ્રી નટુભાઈ પરમાર (૨) ‘શુદ્રોની શોધ’ ગ્રંથ વિશે શ્રી પ્રવીણ ગઢવી (૩) ‘રાજ્યો અને લઘુમતિઓ’ ગ્રંથ વિશે શ્રી સાહિલ પરમાર (૪) ‘ભારતમાં જાતિઓ’ પર શ્રી રમણ વાઘેલા (૫) ‘હિન્દુ ધર્મનું તત્વચિંતન’ પર ડૉ. નીરવ પટેલ (૬) ‘હિન્દુ ધર્મના કોયડા’ પર શ્રી હરીશ મંગલમ્ અને (૭) ‘જાતિ નિર્મૂલન’ ગ્રંથ પર શ્રી ચંદુ મહેરિયા સૌએ અભ્યાસપૂર્ણ વક્તવ્યો આપ્યાં હતાં.

ડૉ. બાબાસાહેબ આંબેડકરભવન - ગાંધીનગર ખાતે તા. ૭ થી ૧૪ એપ્રિલ દરમિયાન સતત પ્રતિરોજ સાંજે ૬ થી ૭.૩૦ દરમિયાન યોજાયેલા આ વક્તવ્યોમાં, ડૉ. બાબાસાહેબ આંબેડકર દ્વારા સંખ્યાબંધ ધર્મશાસ્ત્રો, નીતિશાસ્ત્રો, અભ્યાસલેખોના થકવી દેતા વિશાળ વાંચન પછી, અડધી-પોણી સદી પહેલાં લખાયેલા એ ગ્રંથો, જેમાં એમણે અસ્પૃશ્યોને રંજાડતી અને જાતિપ્રથાને પોષતી તમામ રૂઢિગત માન્યતાઓ પર જીવલેણ પ્રહારો કર્યા છે, તેના વિશે આ સૌ વક્તાઓએ ખૂબ જ અભ્યાસ કરીને, જાણે સાગરને ગાગરમાં સમાવતાં હોય તેવા વિદ્વતાપૂર્ણ, સૌને સમજાય તેવાં અવલોકનો તેમના વક્તવ્યોમાં વણી લીધા હતા. અહીં આ સાતેય દિવસના એ સાતેય ગ્રંથો આધારિત વક્તવ્યોની એક આછી ઝલક પ્રસ્તુત છે.

● નટુભાઈ પરમાર : છેક ૧૯૪૮માં ડૉ. બાબાસાહેબ આંબેડકર દ્વારા લખાયેલા ‘અછૂતો કોણ અને કેવી રીતે ?’ ગ્રંથ પર ભારતમાં આટઆટલા વિધ્વાનો - લેખકો - ઈતિહાસકારો હોવા છતાં ‘આ અસ્પૃશ્યતા શું છે અને તે શા માટે છે ?’ તેનો આજદિન સુધી કોઈએ કોઈ અભ્યાસ ન કર્યો હોય, આ કામ મારે પોતે જ હાથમાં લેવું પડ્યું છે, એમ જણાવીને ડૉ. બાબાસાહેબે પ્રારંભિક માનવજીવનમાં માત્ર ‘પવિત્રતા’ અને ‘અપવિત્રતા’ની જે માન્યતા હતી તે તથા રખડતી-ભટકતી માનવજાતિ જે એક સ્થળે સ્થિર થઈને તેણે પોતાના રક્ષણ માટે બીજી કોઈ રખડતી-ભટકતી માનવજાતિને ગામ બહાર જે વસાવી, તે કાળક્રમે કોઈ એક માનવસમૂહને અસ્પૃશ્ય કહેવડાવનારી અને કાયમ માટે તેમને ગામ બહાર વસાવનારી પરંપરામાં કેવી રીતે પરિવર્તિત થઈ, તેવા ડૉ. બાબાસાહેબના સંશોધનને શ્રી નટુભાઈ પરમારે તેમના વક્તવ્યમાં સુપેરે સમજાવ્યું હતું. છ ખંડ અને સોળ જેટલા પ્રકરણોમાંના આ પુસ્તકમાં ડૉ. બાબાસાહેબે બિનહિન્દુઓમાં અસ્પૃશ્યતા, હિન્દુઓમાં અસ્પૃશ્યતા, અછૂતો ગામની બહાર કેમ રહે છે, અસ્પૃશ્યો શું છળકપટથી છેતરાયેલો માનવ સમુહ છે ? વિશ્વમાં ક્યાંય નહિ ને કેવળ ભારતમાં જ માનવનો કોઈ એક વર્ગ ગામ બહાર વસતો હોય એવું કેમ જોવા મળે છે ? ભારત સિવાયના બીજા દેશોમાં અસ્પૃશ્યતા કેમ જોવા નથી મળતી ? શું વંશભેદ અસ્પૃશ્યતાનું કારણ છે ? શું પરંપરાગત ધંધો એ અસ્પૃશ્યતાનું કારણ છે ? શું અસ્પૃશ્યતાનું મૂળ બૌદ્ધ ધર્મ પ્રતિની ઘૃણામાં હતું ? શું ગૌમાંસ ભક્ષણ અસ્પૃશ્યતાનું કારણ હતું ? શું હિન્દુઓએ કદાપી ગૌમાંસ ખાધું જ નથી ? બ્રાહ્મણો શાકાહારી શાથી બન્યા ? અપવિત્રતા અસ્પૃશ્યતામાં કેવી રીતે પરિણમી ? ગામ બહાર રહેતા બહિષ્કૃતો અછૂતો કેવી રીતે બની ગયા ? જેવા મુદ્દાઓ પર કરેલ વિશદ છણાવટને શ્રી નટુભાઈએ એમના વક્તવ્યમાં લીધી હતી.




● પ્રવીણ ગઢવી : ગુજરાત દલિત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ અને અગ્રીમ સર્જક પ્રવીણ ગઢવીએ, ૧૯૪૬માં ડૉ. બાબાસાહેબે જે ગ્રંથ મહાત્મા ફૂલેને અર્પણ કર્યો હતો તે ‘શુદ્રોની શોધ’ પર મનનીય વક્તવ્ય આપતાં કહ્યું હતું કે ‘શુદ્રોનો ઈતિહાસ લખનારા ડૉ. બાબાસાહેબ સૌ પ્રથમ છે. ડૉ. બાબાસાહેબ સંસ્કૃત જાણતા નહોતા તોય અંગ્રેજી મારફતે એમણે વેદો, સ્મૃતિઓ, સંહિતાઓનો તલસ્પર્શી અભ્યાસ કરીને શુદ્રોના મૂળ શોધી કાઢ્યાં છે. ડૉ. બાબાસાહેબનું વેદોનું જ્ઞાન ભલભલા વેદજ્ઞાનીને પણ શરમાવે તેવું છે. વિવિધ ધર્મસૂત્રોમાં શુદ્રો માટે જે કઠોર નિયમો હતા, તે ‘મનુસ્મૃતિ’માં એકત્ર થયા છે. ડૉ. બાબાસાહેબ આર્યો કોણ હતા ? તેનોય તલસ્પર્શી અભ્યાસ કરે છે. તેમના મતે આર્યોમાં બે જાતિઓ હતી અને તેમનામાં વેરભાવ હતો, તેમનામાં ઋગવેદ અને અથર્વવેદનો ઝગડો હતો. શુદ્ર પણ એક જાતિ હતી અને મહાભારત, વિષ્ણુ પુરાણ, બ્રહ્મપુરાણ જેવા ગ્રંથોમાં એના ઉલ્લેખો મળે છે, ત્યારે શુદ્રોનું ઉપનયન થતું, તેઓ વેદ વાંચી શકતા, શુદ્રો રાજ્યાભિષેકમાં હાજરી આપતા અને શુદ્રમાંથી ઋષિ થયાના પ્રમાણો પણ મળે છે. ડૉ. બાબાસાહેબના મતે શુદ્રો ક્ષત્રિય હતા. પૈજવન નામક શુદ્ર રાજાએ અશ્વમેઘ યજ્ઞ પણ કર્યો હતો. ડૉ. બાબાસાહેબ ઉદાહરણ આપી સમજાવે છે કે, બ્રાહ્મણોને શુદ્રો અને ક્ષત્રિયો બંને સાથે સંઘર્ષ થયો હતો, તેમાં બ્રાહ્મણો અને ક્ષત્રિયો વચ્ચે સંધિ થઈ શકી - કિન્તુ શુદ્રો ન ઝૂકતા તેમની સાથે સંધિ ન થઈ શકી.’

● શ્રી સાહિલ પરમાર : દલિત સાહિત્ય વિમર્શ મંચના આ મોવડી અને અગ્રીમ દલિત કવિ - ગદ્યકાર શ્રી સાહિલ પરમારે ડૉ. બાબાસાહેબે ભારતનું બંધારણ ઘડ્યું તે પહેલાં એની જે પરિકલ્પના ‘રાજ્યો અને લઘુમતિઓ’ હેઠળના ગ્રંથમાં રજૂ કરી હતી, તેના વિશે વિશદ્ વક્તવ્ય આપ્યું હતું. સૂચિત ભારતીય બંધારણની સૂચિત પ્રસ્તાવના - મૂળ વાચના કે જેમાં (૧) સ્વરાજ્ય અને સુરાજ્યના લાભ પ્રાપ્ત કરવા (૨) મૂળભૂત અધિકારો પ્રાપ્ત કરવા (૩) દલિત વર્ગોને બહેતર તકો સાથે આર્થિક, સામાજિક, રાજકીય સમાનતા પૂરી પાડવી (૪) પ્રત્યેક પ્રજાજન માટે અભાવમુક્તિ - ભયમુક્તિ (૫) આંતરિક અવ્યવસ્થા અને બાહ્ય આક્રમણો સામે જોગવાઈ અને તે પછી તેની સૂચિત કલમોમાં ડૉ. બાબાસાહેબે ભારતીય બંધારણ કેવું હશે ? એનું જે સુરેખ ચિત્ર આ ગ્રંથમાં રજૂ કર્યુ છે, તેને સાહિલ પરમારે સરળ શબ્દોમાં સમજાવ્યું હતું. જેમાં મૂળભૂત અને ચાવીરૂપ ઉદ્યોગોની માલિકી રાજ્યની હોય, ખેતી રાજ્યોની જ બાબત બની રહે, ખેડૂતોને જમીન સામે યથાયોગ્ય વળતર મળે, ખેતર ખેડવામાં સરકાર નિયમો અને સૂચનો જારી કરી શકશે, જ્ઞાતિ કે સંપ્રદાયના ભેદભાવ વિના રાજ્યો જમીન ભાડે આપી શકશે, ખેતરના ઉત્પાદન પર વેરા નાખવાની રાજ્યોને સત્તા રહેશે, ગણોતીયાઓના હક્કોના વિશિષ્ઠ રક્ષણ અને તેની માવજત, તોફાનો સમયે લઘુમતિઓને સુરક્ષા, સામાજીક બહિષ્કાર સામે રક્ષણ, તેમને લાભકારક ઠરે એ રીતે નાણા વાપરવાની રાજ્યોની સત્તા, અનુસૂચિત જાતિઓને ધારાસભા અને સ્થાનિક સંસ્થાઓમાં પ્રતિનિધિત્વનો અધિકાર વગેરે સૂચિત જોગવાઈઓ વિશે શ્રી સાહિલ પરમારે મનનીય વક્તવ્ય આપ્યું હતું.

● રમણ વાઘેલા : જાણીતા દલિત કવિ શ્રી રમણ વાઘેલાએ ડૉ. બાબાસાહેબના ગ્રંથ ‘હિન્દમાં જ્ઞાતિઓ - તેમની રચના, મૂળ અને વિકાસ’ પર અભ્યાસપૂર્ણ વક્તવ્ય આપતાં, ૯મી મે ૧૯૧૬ માં - આજથી લગભગ ૧૦૦ વર્ષ પહેલાં કોલમ્બિયા યુનિવર્સિટી, ન્યૂયોર્ક ખાતે માનવશાસ્ત્ર પરિસંવાદમાં ડૉ. બાબાસાહેબે વાંચેલ આ મહાનિબંધ જે પછી ૧૯૧૭માં ગ્રંથરૂપે પ્રકાશિત થયો હતો તેના વિશે વિગતે વાત કરી હતી. ડૉ. બાબાસાહેબના મતે હિન્દની સંસ્કૃતિના ઐક્યના સંદર્ભમાં એવો એકપણ દેશ નથી જે હિન્દુ દ્વિપકલ્પ સાથે સ્પર્ધા કરી શકે. તેની પાસે ન માત્ર ભૌગોલિક કિન્તુ જેનો જોટો ન જડે એવું મૂળભૂત ઐક્ય પણ છે. નિશ્ચિત સાંસ્કૃતિક ઐક્ય જે સમગ્ર ભૂમિના એક છેડાથી બીજા છેડાને આવરી લે છે, કિન્તુ જ્ઞાતિપ્રશ્ન તેમાં સૌથી મોટો અવરોધક બન્યો છે. એથી જો હિન્દુ સમાજ પારસ્પરિક વિશિષ્ટ ઘટકોનો સમવાય સંઘ હોત તો પરિસ્થિતિ અનેકઘણી સરળ હોત અને એટલે જ્ઞાતિના મૂળની સ્પષ્ટતા - એટલે જ એની વિચ્છેદપ્રક્રિયાની સ્પષ્ટતા. હિન્દુ સમાજના ચાર વર્ણો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્રમાં રૂઢિઓના પાલન અને કોઈ એક વર્ગની શ્રેષ્ઠતાનો ગેરવાજબી દાવો જ આ અકુદરતી પ્રથાનો જનક છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# આનંદની અનુભૂતિની પહેલી શરત એ છે કે પ્રવાસ દરમિયાન કોઇની ‘કુથલી’ કરવી કે એવા બીજા કામો મુલત્વી રાખવા જોઇએ!

## ‘રન-વે’ પર ભેંસ! હળવાશની ક્ષણોમાં!

- ચિત્રસેન શાહ

આપણા શહેરોમાં તો રસ્તાની વચ્ચોવચ્ચ કે શાકમાર્કેટમાં ગાય-ભેંસના ઝુંડ જોવા મળે છે પરંતુ છેલ્લા કેટલાય સમયથી તો અવારનવાર એરપોર્ટના રન-વે પર પણ ગાય-ભેંસ-વાંદરા-કૂતરાં વિગેરે પ્રાણીઓ આરામથી ફરતાં દેખાઇ રહ્યાં છે! આપણને થાય કે આ તે એરપોર્ટ છે કે **Zoo** !

થોડા સમય પહેલાં જ એક એરપોર્ટના રન-વે પર ફલાઇટ **Take Off** વખતે જ એક ભેંસ એરક્રાફ્ટને અથડાઇ હતી! ભેંસને કાંઇ ન થયું - એરક્રાફ્ટને ‘ગોબો’ પડી ગયો!

આ રીતે હાઇ સિક્યોરિટી ઝોનમાં ભેંસ કેવી રીતે આવી ગઇ હશે તેના વિચારમાં સ્વર્ગમાં ભગવાન શ્રીરામને પણ થયું હશે કે - ‘એરપોર્ટ તંત્ર કેવું સરસ મારા ભરોસે ચાલે છે!’ (વળી ગાંધીનગરમાં તો ગાય-ભેંસ ‘વટ કે સાથ!’ ફૂટપાથ પર ચાલતી હોય છે! મોર્નિંગ વોકમાં મારે ઘણીવાર ફૂટપાથ પરથી નીચે ઊતરી જવું પડે છે! સ્વગત બોલાઇ પણ જવાય છે - ‘પહેલે આપ!’)

ફક્ત એરપોર્ટ તંત્ર જ નહીં પરંતુ આખું ‘એવીએશન તંત્ર’ રામભરોસે ચાલતું હોય તેનું ઘણીવાર લાગે છે!

આ ઇન્ડસ્ટ્રીની ગળાકાંપ (**Cut Throat**) હરિફાઇમાં દરેક એરવેઝ કંપનીને તેની એકેએક સર્વિસમાં ગુણવત્તામાં કોમ્પ્રોમાઇઝ કરતાં રહેવું પડે છે! આમાં પાયલટ અને બીજા ક્રૂ મેમ્બર્સની ભરતીમાં પણ યોગ્ય ધોરણ જળવાતાં નથી! પરિણામે ઘણીવાર પાયલોટોના વર્તન જોઇને થાય કે આ તે પાયલોટ છે કે ટ્રક ડ્રાઇવર?!

તાજેતરમાં એર ઇન્ડિયાની એક ફ્લાઇટમાં ફ્લાઇટ **Take Off** થાય તે પહેલાં જ કોકપીટમાં પાયલોટ અને સહ પાયલોટ વચ્ચે હાથોહાથની મારામારી થઇ ગઇ હતી! ટ્રક ડ્રાઇવરો વચ્ચે પણ કદાચ આવી મારામારી થતી નહીં હોય! કારણ કે ટ્રક ડ્રાઇવરો તો આવા સંજોગોને ‘બલ્લે બલ્લે’ બોલતાં બોલતાં ‘ભાંગડા’ કરવા માંડે!

આ ઉપરાંત ફ્લાઇટમાં નીચે પ્રમાણેનાં બનાવો પણ અવાર-નવાર બનતા રહે છે!

● એકવાર એક ફ્લાઇટમાં પાયલોટે એક એર હોસ્ટેસને કોકપીટમાં પોતાની પાસે બેસાડી ફ્લાઇટને ‘મોટો મોડ’ પર મૂકી દીધી! કારમ કે બંને ‘પ્રેમ મોડ’ પર આવી ગયા હતા!

● એક વાર એક મહિલા પાયલોટે ઓચિંતા જ એરક્રાફ્ટને ૫૦૦૦ ફૂટ નીચે લાવી દીધું હતું - ઊંઘમાં! તેણીની ઊંઘ ત્યારે જ ઊડી કે જયારે એરક્રાફ્ટને જર્ક લાગ્યો!

પાછળથી જાણવા મળ્યું કે તે મહિલા પાયલોટને તે દિવસે તેની પાડોશમ સાથે ‘વાટકી વહેવાર’માં કાંઇક ‘ડખો’ થયો હતો!

● એક કિસ્સામાં ઊંદર આવી જવાને કારણે ફ્લાઇટ બે કલાક મોડી ઉપડી કારણ કે ઉંદર માટે ‘માઉસ ટ્રેપ’ લાવવામાં મોડું થયું!

બીજા એક કિસ્સામાં એરક્રાફ્ટમાં ‘સાપ’ આવી જવાને કારણે ફ્લાઇટ બીજે દિવસે ઉપડી! કારણ? કારણ ‘મદારી’ શોધવામાં એક દિવસ ગયો! કારણ કે આજકાલ ‘મદારી’, ‘બહુરુપી’ વિ. ક્યાં હાથવગા હોય છે! ‘મદારી’ એ આવીને ‘નાગિન’ પિક્ચરની ધૂન વગાડી ત્યારે સાપ પકડાયો! લોકો આમ ભલે માનતા હોય બાકી સાપને કાન હોતા નથી! હકીકતમાં એરહોસ્ટેસની ‘**EAR RING**’ હલતી જોઇને સાપ એરહોસ્ટેસ ની સીટ નીચેની બહાર આવી ડોલવા લાગ્યો હતો! (નાગિનની બીન અને ‘**EAR RING**’ નું હલવું એ બે વસ્તુ તેના મગજમાં સીન્ક્રોનાઇઝ થઇ હોવી જોઇએ!) પરિણામ સ્વરુપ તે પકડાઇ ગયો!

● વળી ફ્લાઇટમાં સર્વ કરતી આઇટેમ્સ - ચા, કોફી, કોલ્ડ્રીંક્સ કે મિનરલ વોટરના ભાવ પણ ફ્લાઇટની ઊંચાઇને પણ આંબતા હોય! ઘણીવાર તો ફક્ત ભાવ સાંભળીને જ ‘પીધા’ વગર પણ નશો ઉતરી જાય!

આજકાલ હવાઇ સફરનો શોખ ફૂલ્યો-ફાલ્યો છે ઉદ્યોગપતિઓ, રાજકીય નેતાઓ કે અન્ય લોકો કે જેમને ટાઇમનો પ્રોબ્લેમ હોય તેમને માટે બરોબર છે બાકી જેમને ટાઇમનો કોઇ પ્રોબ્લેમ ન હોય (ખરેખર તો જેમની પાસે ટાઇમ જ ટાઇમ હોય!) તેઓ જો ટ્રેઇન કે બસ જર્ની કરે તો કુદરતના સાનિધ્યમાં પ્રવાસ કરવાનો જે આનંદ આવે તે અવર્ણનીય હોય! શરત ફક્ત એટલી જ કે તે માણતા આવડવું જોઇએ!

આનંદની અનુભૂતિની પહેલી શરત એ છે કે પ્રવાસ દરમિયાન કોઇની ‘કુથલી’ કરવી કે એવા બીજા કામો મુલત્વી રાખવા જોઇએ! (ખરેખર તો આવી પ્રવૃત્તિઓને જિંદગીમાં સ્થાન જ ન હોવું જોઇએ!)

જેમણે ડાંગનાં જંગલો - સાપુતારા, કુલુ-મનાલી, સિક્કીમ, દાર્જીલીંગ, કેરાલાનો પ્રવાસ કર્યો હશે કે ટ્રેકિંગ પ્રોગ્રામમાં ભાગ લીધો હશે તેમને તો ખ્યાલ હશે જ! તેમાં પણ વર્ષાઋતુમાં તો ડાંગના જંગલો કે કેરાલામાં પ્રવાસ કરવાનો આનંદ જ કંઇક ઓર હોય છે!

એક વાર જો આ જગ્યાઓ ખૂંદી વળ્યા હોઇએ તો ત્યારબાદ ત્યાંની યાદો વાગોળવાથી પણ હળવાશ અનુભવાય!

એટલે આપણે આ લેખમાં પણ ફ્લાઇટમાંથી ઉતરી જમીન પર આવી જઇએ! વળી જમીન પર આવીએ જો ‘બર્થ-ડે’ હોય તો સોનામાં સુગંધ ભળે!

‘હળવાશના હાઇ-વે’ પર પાર્ટી જામે! ત્યાં ‘કલાના’ હશે - કડવાશ નહીં!

‘બર્થ-ડે’ પાર્ટી કેક કાપવાથી શરુ થાય અને ‘બર્થ-ડે ગિફ્ટ’ થી પુરી થાય!

આજે ૧૯મી એપ્રિલે અમને પણ અમારા એક પર્યાવરણ પ્રેમી મિત્ર તરફથી ‘બર્થ-ડે’ ગિફ્ટ તરીકે એક પુસ્તક મળ્યું છે -

જેનું ટાઇટલ છે -

‘તમે ખિસકોલીને છેલ્લે ક્યારે જોઇ?!’

# પ્રવેશ પ્રક્રિયામાં કોલેજોને ફ્રિ હેન્ડ આપી ના શકાય : ગુજરાત હાઈકોર્ટ

## એડમિશન કમિટીના મેરીટ લીસ્ટમાં ન હોય તેવા કોઈપણ વિદ્યાર્થીને મેનેજમેન્ટ કવોટામાં પ્રવેશ આપી શકાય નહિ

કોલેજો બારોબાર મેનેજમેન્ટ સીટ ઉપર કોઈને પ્રવેશ આપી શકે નહિ. જો વ્યકિત મેરીટ લીસ્ટમાં ના હોય તેવા ઉમેદવારોને કોલેજ મેનેજમેન્ટ કવોટા ઉપર પ્રવેશ આપી શકે નહી તેવું નામદાર ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં ઠરાવ્યું છે.

કોલેજ પ્રવેશ માટેની રેગ્યુલેશન ઓફ એડમિશન એન્ડ ફિકેસશન ઓફ ફી (એમેડમેન્ટ) ૨૦/૨ ની કલમ ૭(બી) ના સબકોલોઝ મુજબ એડમીશન કમિટીના મેરીટ લીસ્ટમાં ના હોય તેવા કોઈપણ ઉમેદવારને મેનેજમેન્ટ કવોટામાં સીધો પ્રવેશ આપી શકાય નહિ તેવી સ્પષ્ટ જોગવાઈ છે. તેમ છતાં આ નિયમનો ઉલ્લઘંન કરી ઘણી પ્રતિષ્ઠીત કોલેજો પાછલા બારણે ડોનેશન મેળવી માલદાર વિદ્યાર્થીને મેનેજમેન્ટ કવોટાના નામે પ્રવેશ આપી મેરીટ વિદ્યાર્થીઓને અન્યાય કરતા આવેલ છે અને એડમીશન કમિટીને બાયપાસ કરી કોલેજો દ્વારા મેનેજમેન્ટ કવોટામાં પ્રવેશ આપવામાં આવે છે જે પ્રક્રિયાને નામદાર ગુજરાત હાઈકોર્ટના ત્રણ જજીસની લાર્જર બેન્ચે તાજેતરમાં અયોગ્ય ઠેરવી છે.

કોર્ટ ચુકાદામાં સ્પષ્ટ નોંધ્યું હતું કે કોલેજ સત્તાવાળાઓને એવા ફ્રી હેન્ડ (અમાપ સત્તા) આપી શકાય નહિ.

### વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ
atopcl@gmail.com



એડમીશન કમિટી દ્વારા તૈયાર કરવામાં આવેલ લીસ્ટમાં નામ ના હોય તેવા ઉમેદવારને પ્રવેશ આપી શકાય નહિ.

ડી.આઈ. પટેલ સ્કુલ ઓફ નર્સીંગ દ્વારા ૨૦૧૨ ના વર્ષમાં નર્સીંગના પ્રવેશ માટે જાહેર ખબર આપવામાં આવી હતી. બીજી તરફ સરકારે પણ પ્રવેશ માટે જાહેર ખબર આપી હતી. સરકારે એક મેરીટ યાદી બનાવી હતી, બીજી તરફથી ડી. આઈ. પટેલ સ્કુલ ઓફ નર્સીંગ દ્વારા ભાવિકાબેન, યોગીબેન, પૂજા જોષી, મનીષાબેન નારત અને ગોમતીબેન રાજપૂતને મેનેજમેન્ટ કવોટામાં પ્રવેશ આપી દીધો હતો આ ચારેય મહિલા ઉમેદવારોને પ્રવેશ આપ્યા બાદ તેમના પ્રવેશને માન્યતા આપવા માટે કોલેજે નર્સીંગ પ્રવેશ માટેની કમિટીને તેમના નામો મોકલી આપ્યા હતા. જો કે આ ચારેય ઉમેદવારોના નામ મેરીટ લીસ્ટમાં ના હોય પ્રવેશ ગુજરાત ડિપ્લોમા ઈન નર્સીંગ એન્ડ મિડવાઈફ એડમેશન કમિટી દ્વારા તેમના પ્રવેશને મંજુરી આપવામાં આવી ન હતી.

ઉપરાંત ચારેય વિદ્યાર્થીઓએ તેમના પ્રવેશને માન્ય રાખી મેનેજમેન્ટ કવોટામાં તેમને ફાળવવામાં આવતા પ્રવેશને માન્ય ગણવા માટે વકિલ મારફત પીટીશન કરી દાદ માંગવામાં આવેલી તેમણે મેનેજમેન્ટ કવોટાની બેઠકમાં પ્રવેશ મેળવ્યો હોય, ફી ભરી હોય, પ્રવેશ માન્ય રાખવાની દલીલો કરવામાં આવી હતી અને અલગ અલગ કેસમાં આવા કિસ્સાને કોર્ટે માન્ય ગણવા અંગેના ચુકાદાઓ પણ રજુ કરવામાં આવેલા.

સમગ્ર બાબત ટેકનિકલ ગુંચ ઉભી થતા ચીફ જસ્ટીસની ખંડપીઠે આ કેસ જસ્ટીસ રવિ ત્રિપાઠી, જસ્ટીસ જયંત પટેલ અને જસ્ટીસ એમ. આર. શાહની લાર્જર બેન્ચને આ કેસનો ચુકાદો આપવા સોંપવામાં આવ્યો હતો જેમાં હાઈકોર્ટની લાર્જર બેન્ચે આ કેસમાં સ્પષ્ટ ઠરાવ્યું હતું કે એડમિશન કમિટીના મેરીટ લીસ્ટમાં ન હોય તેવા કોઈપણ વિદ્યાર્થીને મેનેજમેન્ટ કવોટામાં પ્રવેશ આપી શકાય નહિ. મેનેજમેન્ટ કવોટામાં પણ મેરીટ યાદીને આધારે આપવામાં આવતા પ્રવેશને ધ્યાને લઈને જ પ્રવેશ આપી શકાય. સરકારના હસ્તક્ષેપ સીવાય એડમિશન પ્રક્રિયામાં કોલેજોને ફ્રી હેન્ડ સત્તા આપી શકાય નહિ. કોલેજ મેનેજમેન્ટની અમાપ સત્તાથી મેરીટ વિદ્યાર્થીઓને નુકશાન સહન કરવું પડે છે. તેમજ સરકારે ડિપ્લોમાં ઈન જનરલ નર્સીંગના રીગ્યુલેશન ઓફ એડમીશન એન્ડ ફિકસેશન ઓફ ફી એમેડમેન્ટ રૂલ ૨૦૧૨ ની કલમ ૭ (બી) ના સબ કલોઝ-૨માં સ્પષ્ટ જોગવાઈ છે કે એડમીશન કમિટીના મેરીટ લીસ્ટમાં ન હોય તેવા કોઈ પણ ઉમેદવારને મેનેજમેન્ટ કવોટામાં સીધો પ્રવેશ આપી શકાય નહિ. મેનેજમેન્ટ રૂલ અને એકટના નિયમોનો ભંગ કરી પ્રવેશ આપ્યો હોય તો ગેરકાયેસરની પ્રવૃત્તિને કાયદા દ્વારા માન્ય કરી શકાય નહિ જેથી લાયક ઉમેદવારને નુકશાન થાય તથા તેમના ભવિષ્ય અંગે ચેડા કરવાનો મેનેજમેન્ટને અધિકાર નથી. આ માટે મેનેજમેન્ટને અમાપ સત્તા નિયમ બહારની આપી શકાય નહિ.

ઉપરોકત ચુકાદાથી મેનેજમેન્ટ કવોટાના નામે મેરીટ સીવાય પ્રવેશ આપતી કોલેજોને અસર થશે અને મોટા ડોનેશનનો પાછલા બારણે મેળવી મેનેજમેન્ટ કવોટાના આંચળા હેઠળ ગેરલાયક ઉમેદવારને પ્રવેશ આપી મેરીટ ઉમેદવારને અન્યાય કરવાનું હવેથી બંધ થશે. જો વાલીઓ તથા ઉમેદવારો જાગૃત હશે તો આવા મેનેજમેન્ટ કવોટામાં આપેલા પ્રવેશને રદબાતલ ઠરાવી લાયક ઉમેદવારને અન્યાય થતો અટકાવી શકશે, કાયદો જાગતાને મદદ કરે છે.